R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 22•ISSUE: 31 DATE: 04-08-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## લોકોની હત્યા કરાય છે ,કોઇને ચિંતા હોય તેમ લાગતું જ નથી : સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટે સોશિયલ મીડીયા થકી ફેલાવવામાં આવેલા મેસેજ થકી ભારતમાં ભીડ દ્વારા થતી હત્યાની ઘટના મામલે ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યુ હતું કે એવું લાગે છે કે તેની કોઈને પડી જ નથી.

સોશ્યલ સાઈટ પર જાતીય ગુનાઓનો વીડીયો બ્લોક કરવાને લગતી એક સુનાવણી વેળાએ જસ્ટીસ મદન બી લોકુર અને જસ્ટીસ યુ યુ લલિતની બેન્ચે આ તારણ કાઢ્યું હતું. બેન્ચે કહ્યુ હતું કે આજકાલ સોશિયલ મીડીય પર અનેક વસ્તુઓ આવે છે. લોકો મારવામાં આવી રહ્યા છે પરંતુ કોઈને તેની ચિંતા હોય તેમ લાગતું નથી.ઈન્ટરનેટ સર્ચ એન્જીન્સ અને સોશિયલ નેટવર્કીંગ એપ્લીકેશન્સ ગુગલ, યાહુ ઈન્ડીયા પ્રાઈવેટ લી.માઈક્રોસોફ્ટ કોર્પો.(ઈન્ડીયા) ફેસબુક આયરલેન્ડ લી. અને



વ્હોટ્સએપ ઈન્ફા વતી હાજર રહેલા વકીલે કોર્ટને માહીતી આપી હતી કે તેમણે આ મામલે તેમના દ્વારા હાથ ધરાયેલા પગલાંની પ્રગતિના દરજ્જાના રિપોર્ટસ ફાઈલ કરી દીધા છે.

અગાઉ મોબ લિન્ચીંગની ઘટનાઓ અંગે ચિંતા દર્શાવીને કેન્દ્ર સરકારની સુપ્રીમે ઝાટકણી કાઢી હતી. અને તેના પગલે સરકારે ઉચ્ચ સ્તરીય સમિતિ બનાવવાનો નિર્ણય લેવો પડ્યો હતો.

## પાકિસ્તાનમાં થયેલ ચુંટણીઓમાં ઇમરાનખાનના પક્ષને બહુમતી મળી

પાકિસ્તાનમાં બેલેટ પેપરથી થયેલ ચુંટણીઓના પરિણામ આવી ગયા અને ઈમરાનખાનના પક્ષને બહુમતી હાંસલ થઈ છે.પાકિસ્તાનના ચુંટણી પંચે અંતિમ આંકડા જારી કર્યા બાદ ઈમરાન ખાનની પાર્ટીને કુલ૧૧૬ બેઠકો મળી છે આમ બહુમતી મળી છે પરંતુ સરકાર રચવાનો માટે ટેકાની જરુર પડશે.નવાઝ શરીફને ૬૪ અને ભુટ્ટોના પક્ષને ૪૩ બેઠકો મળી હતી.અપક્ષને પણ ૧૩ જેટલી બેઠકો મળી હતી.

સંસદની ચુંટણીમાં શરીફનો પક્ષ પીએમએલ-એન ભલે બીજા ક્રમે રહ્યો હોય પણ વિધાનસભાની ચુંટણીમાં તે પ્રથમક્રમે રહ્યો છે.પંજાબ પ્રાંતની ચુંટણીમાં તેને ૧૨૯ બેઠકો મળી હતી.હાફિઝ સઈદે પોતાના ઉમેદવારોને ચુંટણીમાં ગોઠવ્યા હતા પરંતુ તેમનો એક પણ ઉમેદવાર ચુંટણી જીતી શક્યો નથી.હવે સરકાર રચવા માટે ઈમરાનખાનને કુલ ૧૩૭ બેઠકોની જરુરીયાત છે.આ સ્થિતિ વચ્ચે અપક્ષ અને અન્ય નાના પક્ષોની મદદથી ગઠબંધનની સરકાર બની શકે છે.જો કે ઈમરાનખાને સરકાર રચવાની તૈયારી શરુ કરી દીધી છે.અપક્ષોની મદદથી જરુરી બહુમતી મેળવવામાં ઈમરાનખાન સફળ થશે કે કેમ તે જોવાનું રહેશે.ચુંટણી થયાબાદ ૨૧ દિવસમાં સંસદનું સત્ર બોલાવવાનું હોય છે.અને સરકાર રચવાની હોય છે.અને તેજ સમયે વડાપ્રધાન અને અન્ય મંત્રીઓને શપથ લેવડાવાય છે.

## ‘રેપ અને આંતક માટે મુસ્લીમો જવાબદાર છે’ : ભાજપ સાંસદનું નિવેદન

ઉત્તરપ્રદેશના આંબેડકરનગરથી ભાજપના સાંસદ હરિઓમ પાંડેએ મુસ્લીમ સમાજ માટે નિવેદન આપ્યુ હતું કે દેશમાં બળાત્કાર અને આતંકવાદની વધતી ઘટનાઓ માટે મુસ્લીમોની વધતી વસ્તી જવાબદાર છે.આ સાથે સાંસદે જણાવ્યુ હતું કે ભવિષ્યમાં મુસ્લીમોની વધતી વસ્તી પર નિયંત્રણ ન કરવામાં આવ્યું તો પાકિસ્તાનની જેમ એક નવો દેશ ભારતમાં આકાર લેશે.પાંડેના આ નિવેદનથી વિવાદ સર્જાયો છે.વિપક્ષોએ પાંડેની આકરી ટીકા કરી છે.મુસ્લીમો ૩-૪ લગ્ન કરીને ૯-૧૦ બાળકોને જન્મ આપે તે અરાજકતા પેદા કરે છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-

## ચર્ચમાં કન્ફેશનની પ્રથા બંધ કરવાની રાષ્ટ્રીય મહિલા પંચની માંગણીને લઘુમતી પંચે ફગાવી દીધી : કેન્દ્રીય મંત્રી આલ્ફોન્સોએ પણ આ બાબતે વિરોધ નોધાવ્યો

ચર્ચમાં કન્ફેશન કરવાની પ્રથા એ ખ્રિસ્તી ધર્મની આંતરીક બાબત છે અને તેનો એક ભાગ છે એટલા માટે તેમાં ડખલગીરી કરી ના શકાય એમ કહીને રાષ્ટ્રીય લઘુમતી પંચે મહિલાઓ માટેના રાષ્ટ્રીય પંચની તેને પ્રતિબંધ કરવાની માંગને ફગાવી દીધી હતી.આ પ્રથાથી મહિલાઓનું બ્લેકમેઈલીંગ થાય છે તેવી દલીલ કરીને મહિલા પંચના વડા રેખા શર્માએ કરેલી ભલામણના એક દિવસ પછી જ લઘુમતી પંચે આ ખુલાસો કર્યો હતો. પરિણિત મહિલાઓએ કરેલા કન્ફેશન(કબુલાત)ના ઉપયોગ કરીને તેમનું શારીરીક શોષણ કરવાના મલાંકરા ઓર્થોડોક્સ સીરીયન ચર્ચના ચાર પાદરીઓની સેકસ લીલાનો ગયા મહિને ભાંડો ફુટતા શર્માએ આ ભલામણ કરી હતી.લઘુમતી પંચે સ્પષ્ટ રીતે આ ભલામણને નકારે છે અને તેનો વિરોધ કરે છે એમ રાષ્ટ્રીય લઘુમતી પંચના ચેરમેન સૈયદ ગૈયુરુલ હસન રીઝવીએ કહ્યુ હતું. ચર્ચમાં કન્ફેશન કરવાની વિધિ ખ્રિસ્તી ધર્મનો એક ભાગ છે.તેની પર પ્રતિબંધ મુકી શકાય નહીં.કોઈની પણ ધાર્મિક પ્રથામાં દખલગીરી કરી ના શકાય એમ તેમણે કહ્યુ હતું.ઉલ્લેખનીય છે કે કેન્દ્રના એક મંત્રી અને પોતે ખ્રિસ્તી એવા કેરળના વતની આલ્ફોન્સો કન્નનથામને પણ કહ્યુ હતું કે મોદી સરકારે ક્યારેય પણ લોકોની ધાર્મિક આસ્થામાં દખલગીરી કરશે નહીં.

કેરળ કેથોલીક કાઉન્સીલના પ્રમુખ આર્કબીશપ સુસા પાકિઆને પત્રકાર પરિષદમાં કહ્યુ હતું કે રેખા શર્માએ કરેલી ભલામણનો સ્વીકાર નહીં કરવા અમે વડા પ્રધાન મોદીને આવેદન પત્ર પણ આપ્યો હતો.

## કર્ણાટકના ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યે ઉદારવાદીઓને રાષ્ટ્રદ્રોહી ગણાવ્યા

કર્ણાટકના ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યે કહ્યુ છે કે જો તેઓ ગૃહમંત્રી હોત તો બુદ્ધિજીવીઓને ગોળી મારી દીધી હોત. બસાનગૌડા પાટિલ નામના ભાજપના આ ધારાસભ્ય વિજયપુર મતવિસ્તારમાંથી જીત્યા છે.તેમણે ઉદારવાદીઓ અને બુધ્ધિજીવીઓને દેશદ્રોહી ગણાવ્યા હતા.કારગીલ વિજય દિવસ પર યોજાયેલા એક કાર્યક્રમમાં પાટીલે કહ્યુ હતું કે આ બુધ્ધિજીવીઓ દેશની બધીજ સુવિધાઓનો ઉપયોગ કરે છે જેના માટે આપણે ટેક્સ ચુકવીએ છીએ.અને ત્યાર બાદ બધાજ ભારતીય સેના વિરુધ્ધ નારા લગાવે છે.

પાટિલે કહ્યુ હતું કે હાલના સમયમાં બુધ્ધિજીવીઓ અને ધર્મનિરપેક્ષ લોકોથી જ દેશને સૌથી વધારે ભય છે.પાટીલ આ પહેલાં પણ એક વિવાદાસ્પદ નિવેદન આપી ચુક્યા છે.બે વખત ભાજપના ધારાસભ્ય બનેલા પાટીલ બીજાપુરથી એક વખત સાંસદ તરીકે ચુંટાયા હતા.અને અટલ બિહારી બાજપાઈની સરકારમાં તેઓ કેન્દ્રીય મંત્રી તરીકે ફરજ બજાવી ચુક્યા છે.

## ભોપાલમાં બાળક ચોરીની અફવાને કારણે 3 લોકોની મારઝુડ કરાઇ

મધ્યપ્રદેશના ભોપાલમાં બાળક ચોરીની શંકાને આધારે ત્રણ લોકોની મારઝુડ કરવામાં આવી હતી.ભોપાલના હનુમાનગંજમાં એક બાળકને રોડ ક્રોસ કરવામાં મદદ કરનારા લોકોને બાળકચોર માનીને ટોળાએ મારઝુડ કરી હતી.હનુમાનગંજ પોલીસ સ્ટેશના ઈન્સ્પેકટરે જણાવ્યુ હતું કે બાળક ચોરીની શંકામાં૧૦ થી ૧૫ વ્યક્તિઓ ભેગા મળીને ત્રણેય વ્યક્તિની ભારે મારઝુડ કરી હતી.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

અમદાવાદ શહેરમાં હાઇકોર્ટે આપેલા હુકમોને કારણે મ્યુની.કોરપોરેશના અધિકારીઓ જાગ્યા,પોલીસ તંત્ર જાગ્યું અને પરિણામે શહેરના વિવિધ વિસ્તારોમાં રોડ પર આવેલા દબાણો તોડવાનો પ્રારંભ થઇ ગયો.ઠેર ઠેર પાર્કિગ કરાતા વાહનો સામે પોલીસની ઝુંબેશને કારણે રસ્તાઓ સાફ દેખાવા લાગ્યા.જો કે લારી ગલ્લાના દબાણો હઠાવવાથી તેના લગતાં કેટલાક સંગઠનો વિરોધ નોધાવી રહ્યા છે.જેમાં દબાણો હટાવવાને કારણે લોકોની રોજગારી છીનવાઇ રહી છે તો તેની સામે કોઇ વૈકલ્પિક વ્યવસ્થા મળે તેવી રજુઆતો કરાઇ રહી છે.મોટા મોટા કોમ્પલેક્ષો પાસે પાર્કિંગ વ્યવસ્થા નથી કારણકે મ્યુની.બાંધકામની રજાચિઠ્ઠી આપી અને બીયુ પરમીશન પણ આપી દીધુ પરંતુ એ દરકાર કરી નથી કે વાહનોનું પાર્કિંગ કેવી રીતે થશે. કેટલાક કોમ્પલેક્ષોમાં બિલ્ડરો પાર્કિંગ ઝોન વેચી દીધા છે અને ત્યાં દુકાનો બની ગઇ છે.હવે પાયાનો પ્રશ્ન થાય છે કે ઇમ્પેક્ટ ફી ભરી દીધા પછી આ બધી કટાકુટનો મામલો હલ કેવી રીતે કરવો.

શહેરી વિસ્તારોમાં ચાલવાની જગ્યા નહોતી અને ફુટપાથો પર ફેરીયાઓનો કબજો એ રીતે હતો કે લોકોને ચાલવાની તકલીફો પડતી પરંતુ ભરપુર હપ્તા મળતા હોવાથી કોઇ સાંભળતું જ નહોતું.ભલુ થજો કે હાઇકોર્ટે એવી ચીમકી આપી અને પરિણામે વ્યવસ્થિત થવા માટે અધિકારીઓ કામે વળગ્યા.શહેરી વિસ્તારોમાં પાથરણા કે ફુટપાથની જગ્યાઓ પર માફીયા અને મ્યુની.ના સત્તાવાળાઓ ગેરકાયદેસર નાણાં ઉઘરાવીને લોકોને રોજગારી પુરી પાડવાનો ખેલ પાડતા હોય છે.બેઉ બાજુ પોતાના હાથ મજબુત બનાવતા હોય છે.અત્યાર સુધી ગેરકાયદેસર રીતે નાણાં કમાયા છે અને હવે વ્યવસ્થા સારી બનાવવા માટે હાઇકોર્ટના હુકમનું પાલન કરતાં લોકોની રોજગારી ઝુંટવાઇ ગઇ છે તેવી રજુઆતો પણ તેમના પાલતુ સંગઠનો દ્વારા કરવામાં આવી રહ્યું છે.હજારો લોકો ફુટપાથ ઉપર પોતાના ધંધો કરી રોજગારી મેળવતા હોય છે તેની ના નથી પરંતુ તેનાથી લોકોની સ્વતંત્રતા અને અધિકારો છીનવાઇ ન જાય તે પણ જોવાનું અગત્યનું છે.

રોડ ઉપર પાકા દબાણો કરી દેવાયા હતા જે લગભગ મોટા પ્રમાણમાં તોડવાની પ્રક્રિયા ચાલી રહી છે.રાજકારણીઓના ઓછાયા હેઠળ કરાયેલા ગેરકાયદેસરના દબાણો પર રોકેલા નાણાં બરબાદ થવાથી તેના પાછળ રોકાયેલા લોકોમાં આક્રોશ વ્યાપે તે નક્કી છે પરંતુ કોર્ટની અવગણના કરવી પણ પોષાય તેમ નથી.કોર્ટે એકદમ સજ્ઞ પગલાં લેવાની ચીમકી આપતાં બધા જ સફાળા જાગી ઉઠ્યા છે.

### જાણવા જેવું !

ફ્રાંસના વિલિયમ પોસ્ટલના ૧૨૦ વર્ષની ઉંમરે મુછના વાળ કાળા હતા.યુનાનના વૈદ ગેલન ૧૪૦ વર્ષ જીવ્યા હતાય

ડેમન્ડની એક અમીરજાદી ૧૪૦ વર્ષ જીવી હતી.ત્રણ વખત પડી ગયેલા દાંત પાછા આવ્યા હતા.

પાત્રીસ વર્ષનો બોડી બિલ્ડર પ્રકાશ કોયડેએ ચાર વખત મિસ્ટર ઇન્ડીયાનું ખિતાબ જીતેલો તેના બાવડાનું માપ એકવીસ ઇંચ હતું.

હાલ,ભારતમાં સાઇઠ વર્ષથી વધારે ઉંમરના માણસોની સંખ્યા લગભગ ૫૦ કરોડથી વધારે છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in


# કોગ્રેસ કારોબારીએ વિપક્ષોને ૨૦૧૯માં રાહુલનું નેતૃત્વ અને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે સ્વીકારવાની વાત કરી



રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોગ્રેસ વર્કીંગ કમિટીની બેઠકમાં ભારતની ગ્રાન્ડ ઓલ્ડ પાર્ટીએ ૨૦૧૯ની ચુંટણીના વ્યુહ પર ચર્ચા કરી હતી.કોગ્રેસે લોકસભામાં ૩૦૦ બેઠકો પર જીતની રણનીતિ બનાવી છે.બેઠકમાં એનડીએની સામે વ્યુહાત્મક ગઠબંધનની વાત કરાઇ હતી.અને તેનું નેતૃત્વ રાહુલ ગાંધીને સોપવાની નેતાઓએ શરત મુકી હતી.ગઠબંધનનું કેન્દ્રબિંદુ કોગ્રેસ જ હોવી જોઇએ તેવી પણ માંગણી કરાઇ હતી.ગઠબંધન અંગે તમામ નિર્ણય લેવાની સત્તા રાહુલ ગાંધીને અપાઇ હતી.

સુત્રોનું કહેવું છે કે પુર્વ નાણાં મંત્રી અને કોગ્રેસના નેતા પી.ચિદમ્બરમે ૨૦૧૯ની ચુંટણી રણનીતિ માટે એક દરખાસ્ત કરી હતી.ચિદંમ્બરમે કહ્યુ કે ૧૨ રાજ્યોમાં કોગ્રેસ મજબુત છે અને જો પાર્ટી પોતાની ક્ષમતામાં ત્રણ ગણો વધારો કરી શકે તો ૧૫૦ બેઠકો જીતી જાય તેમ છે.આ ઉપરાંત અન્ય રાજ્યોમાં ગઠબંધનની મદદથી કોગ્રેસ ૧૫૦ બેઠકો મેળવી શકે છે. આમ પી. ચિદમ્બરમે ૩૦૦ બેઠકો પર જીતની ફોમ્યુલા આપી હતી.

કોગ્રેસના સચિન પાયલટ,શક્તિસિંહ ગોહિલ, રમેશ ચેન્નીથલાએ બેઠકમાં કહ્યુ હતું કે આ ગઠબંધનના કેન્દ્રમાં કોગ્રેસ જોઇએ અને રાહુલ ગાંધીને જ તેનો ચહેરો બનાવવો જોઇએ.રાહુલ ગાંધીની અધ્યક્ષતામાં કોગ્રેસ વર્કિંગ કમિટીની પ્રથમ બેઠક યોજાઇ હતી.બેઠકમાં કોગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી, યુપીએના ચેરપર્સન સોનિયા ગાંધી,પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહ ઉપરાંત અલગ અલગ રાજ્યોમાથી આવેલા ૩૫ વક્તાઓએ તેમની વાત રજુ કરી હતી.રાહુલ ગાંધીએ પાર્ટીના નેતાઓ કોઇ ખોટા નિવેદનો આપે છે તેમની સામે કાર્યવાહી કરવાનો પોતાનો નિર્ણય જણાવ્યો હતો.

આ પ્રસંગે ચેર પર્સન સોનિયા ગાંધીએ મોદી સરકારની પડતીની શરુઆત થઇ ગઇ છે તેમ જણાવ્યુ હતું.ભાજપ પર ગરીબો અને દલિતોની સતાવણી કરવાનો આક્ષેપ મુકતાં રાહુલે કોગ્રેસ કાર્યકર્તાઓને તેમના માટે લડવાનું આહ્વાન કર્યુ હતું. પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહે દેશની હાલની આર્થિક સ્થિતિ, ખેડુતોની હાલત અંગે વડાપ્રધાન મોદીની આકરી ટીકા કરી હતી.તેમણે કહ્યુ હતું કે આત્મશ્લાધા અને જુમલેબાજી મામલે પણ પીએમને નિશાન બનાવ્યા હતા.અને કહ્યુ હતું કે માત્ર જુમલાથી જ ખેડુતોની આવક બમણી થતી નથી.જુમલાઓ સરકારી નીતિનો વિકલ્પ બની શકે નહીં.૨૦૧૧ સુધી ખેડુતોની આવક બેગણી કરવાના દાવા માટે કૃષિ ક્ષેત્રે વાર્ષિક ૧૪ ટકા વિકાસ દર જોઇએ જે હાલમાં જોજનો દુર છે.

# અલવરમાં ગાય ચોરીની શંકાએ ગૌરક્ષકોએ યુવાનની હત્યા કરી નાંખી

રાજસ્થાનના અલવરમાં ફરીએક વાર ગાય ચોરીની શંકાથી એક મુસ્લીમ યુવાનની હત્યા કરી દેવાઇ હતી.ગાય ચોરીની શંકાને આધારે ગૌરક્ષકોના ટોળાએ મુસ્લીમ યુવાનની મારપીટ કરીને હત્યા કરી દેવાઇ તેના કારણે ખળભળાટ મચી ગયો હતો.મૃતક અકબર બે ગાય લઇને જઇ રહ્યો હતો ત્યારે કેટલાંક લોકોએ ગાયની ચોરીનો આરોપ લગાવીને તેની સાથે મારપીટ કરવાનુ શરુ કર્યુ હતું.તેને એટલો બધો માર મરાયો હતો કે છેવટે તેનું મોત નિપજ્યું હતું.મૃતક હરિયાણાના કોલગાંવનો રહેવાસી હતો. ઉલ્લેખનીય છે કે અલવરમાં જ એક વર્ષ અગાઉ પહેલુખાન નામના એક શખ્સની આ જ રીતે મારપીટ કરીને હત્યા કરી દેવાઇ હતી.આ ઘટના અલવર જિલ્લાના રામગઢ વિસ્તારના ગામ લલ્લાવંડીની છે. જયાં સ્થાનિક લોકોએ ગાયની ચોરીનો આરોપ મુકીને અકબર સાથે મારપીટ કરવાનું શરુ કર્યુ હતું. પોલીસે આ ઘટનામાં બે લોકોની ધરપકડ કરી હતી. રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજેએ આ ઘટનાની નિંદા કરી હતી. અને દોષિતો સામે શક્ય એવી તમામ કડક કાર્યવાહી કરવામાં આવશે એમ કહ્યુ હતું. જો કે વિપક્ષોનો વિરોધ શાંત થયો નથી અને કહ્યુ હતું કે રાજ્યના મુખ્યમંત્રીએ આવી ઘટનાઓ રોકવા માટે કોઇ પગલાં લીધા નથી.

પોલીસના કહેવા પ્રમાણે મૃતક ગાયની ચોરી કરનાર હતો કે નહીં એ સ્પષ્ટ થયું નથી.અકબરના પિતાએ ન્યાયની માંગણી કરી છે. કોગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ અશોક ગેહલોતે આ ઘટનાને ભયાનક ગણાવી હતી.અને કહ્યુ હતું કે સુપ્રીમ કોર્ટની ચેતવણી અને સુચનાઓ પછી પણ ટોળાં દ્વારા હિંસાની ઘટનાઓ બંધ થતી નથી.પોલીસ પર હાલ બધો દોષ મુકવામાં આવ્યો છે.જેથી સરકારને ગૌરક્ષકોના નામે બદનામ થતી અટકાવી શકાયઆ પહેલા અલવરમાં બનેલી ઘટનામાં સરકાર સકંજામાં મુકાઇ હતી તેથી હવે બીજા પર દોષ ઢોળ્યો છે.


**વિનંતી**



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## લેભાગુ સી.એ.ની જાળ : કમિશનના બદલામાં રિફંડનું વચન

ટેક્સ રિટર્ન ભરવા માટે ૩૧મી જુલાઈની છેલ્લી તારીખ નજદીકમાં છે. ત્યારે કેટલાક કરદાતાઓને આંકડાના ગોટાળા કરીને કમાણીની તક દેખાય છે.પોતાની જાતને સીએ તરીકે ઓળખાવતાં લેભાગુ લોકો કરદાતાઓને જંગી રિફંડ અપાવવાનું વચન આપે છે. અને તેના બદલામાં ૧૫ ટકા કમિશન કાપે છે.આવા લેભાગું સી.એ. કરદાતાના રિર્ટનમાં ખોટી આવક દર્શાવે છે.જેથી રુ.૫૦,૦૦૦ રુપીયાથી લઈને ૨ લાખ સુધીનું રિફંડ મળે છે.તેઓ વ્યક્તિની કરપાત્ર આવકને ઓછી દર્શાવે છે.અથવા ચોક્કસ કરકપાત(ડિડકશન) કે કરમુક્તિ ક્લેમ કરે છે.આ સરળ છે.કારણે કે ટેક્સ રિટર્નમાં ડિડકશન કે એકઝેમ્પશનનો ક્લેમ કરવા માટે કોઈ ડોક્યુમેન્ટની જરુર પડતી નથી.

મુંબઈ સ્થિતિ એક સી.એ.એ જણાવ્યુ હતું કે કરદાતા,મેડિકલ,વીમો,હોમ લોન,એજ્યુકેશન લોન અથવા પોતાની વિકલાંગતા અથવા આશ્રિતની વિકલાંગતાનો ક્લેમ કરીને ટેક્સ રાહત ક્લેમ કરી શકે છે.જેમાં કોઈ પુરાવા આપવાના રહેતા નથી.આ માટે લેભાગુ સી.એ. રિફંડના ૧૦ થી ૧૫ ટકા નાણાં કમિશન પેટે ચાર્જ કરે છે.હજારો કરદાતાઓએ આવા લોકો દ્વારા રિટર્ન ફાઈલ કરી દીધા છે.અને રિફંડ ક્લેમ કર્યો હશે. તેમણે માત્ર ફોર્મ ૧૬,આધાર અને બેન્ક ખાતા નંબર આપીને રિટર્ન ભરવાનું હોય છે.ઈટીએ આવા એક સીએને ફોર્મ ૧૬ અને બીજી વિગત આપી હતી.પાંચ દિવસની અંદર તેણે રિટર્ન ફાઈલ કરી દીધું હતું.જેમાં કરદાતાની આવક રુ.૧.૯૦ લાખ ઓછી દર્શાવી હતી.તેના આધારે રુ.૫૦,૦૦૦નો રિફંડનો ક્લેમ પણ કરવામાં આવ્યો હતો.ટેક્સ રિટર્નમાં દર્શાવાયેલી ગ્રોસ ઈન્કમ ફોર્મ ૧૬ના આંકડા કરતાં કઈ રીતે ઓછી હોઈ શકે તે પુછવામાં આવતાં તેણે કહ્યુહતું કે તેણે કેટલાંક એલાઉન્સને ધ્યાનમાં લીધા હતા જે સેકસન ૧૦ હેઠળ કરકપાતને પાત્ર છે.પરંતુ ફોર્મ ૧૬માં તેનો ઉલ્લેખ નથી. જો કે ટેક્સ નિષ્ણાંતોએ ચેતવણી આપે છે કે રિટર્નું એસેસમેન્ટ થાય ત્યારે આ વિસંગતતા પકડાઈ શકે છે.અત્યાર સુધી વ્યક્તિના ફોર્મ૨૬એએસમાં ટીડીએસની વિગત આઈટી રિટર્નમાં દર્સાવેલા ટેક્સ સાથે સુસંગત કરવામાં આવતી હતી.હવે ટેક્સ સત્તાવાળાઓ ફોર્મ ૧૬ ચેક કરીને રિટર્નમાં દર્શાવેલી આવક સાથે તેની ચકાસણી કરે છે.તાજેતરમાં બેંગલુરમાં આ રીતે ટેક્સ રિફંડ મેળવવાનું કૌભાંડ પકડાયું છે.

## મોબ લીંચીગની ઘટનાઓ સામે અમદાવાદીઓનો આકરો વિરોધ

ગુજરાત સહિત દેશભરમાં ૬૮ થી વધુ નિર્દોષ નાગરિકોના જીવ હિંસક ટોળા દ્વારા લેવામાં આવ્યા છે.મોબ લિચીંગની ઘટનાઓ પછી પણ રાજ્ય અને કેન્દ્રની સરકારો બહેરી,બોબડી અને આંધળી હોય તેવું વલણ પ્રદર્શિત કરી રહી છે.તેવા આક્ષેપો અમદાવાદના અનેક કર્મશીલોએ શિવરંજની સામે જન જાગ્રતિ અને સરકાર સામે માંગણીઓના પોસ્ટર સાથે વિરોધ પ્રદર્શન કર્યુ હતું.

અનેક સ્વેચ્છીક સંગઠનો દ્વારા આયોજીત આ પ્રદર્શનને અમદાવાદની પોલીસ મંજુરી આપવાનું ટાળ્યુ હતું.અમદાવાદમાં ધોળે દિવસે ભિક્ષુક મહિલાને હિંસક ટોળાએ મોતને ઘાટ ઉતાર્યા બાદ અવાર નવાર અનેક નાગરિકો ભીડની શારીરીક,માનસિક હિંસાનો શિકાર બની રહ્યા છે. તેમના રક્ષણમાં પોલીસ અને તેના પર નિયંત્રણ ધરાવતી સરકાર શુન્યમનસ્ક છે.તેઓ આક્રોષ કર્મશીલો,બુધ્ધિજીવીઓએ ઠાલવ્યો હતો. સ્વામી અગ્નિવેશ ઉપર હિંસક ટોળાએ હુમલો કર્યો એ દર્શાવે છે કે ટોળાની હિંસા ફક્ત વોટ્સએપની અફવા પુરતી સીમીત નથી.તેથી આગળ વધીને કોઈ વ્યક્તિનો અભિગમ કે વિચારસરણી આવા ટોળાથી અલગ હોય તેમને પણ નિશાન બનાવે છે.

## ભીડતંત્રને કડક હાથે ડામી દેવા સુપ્રીમ કોર્ટની કેન્દ્રને ચીમકી

દેશભરમાં બેરોકટોક જારી ટોળાઓની હિંસા પર આક્રોશ વ્યક્ત કરીને સુપ્રીમ કોર્ટે કહ્યુ છે કે ભીડતંત્રને મંજુરી ન આપી શકાય અને તેને અટકાવવા માટે સંસદમાં કાયદો બનાવવો અનિવાર્ય છે.શાંતિ સ્થાપન અને અનેકવિધતાવાદી સમાજનું રક્ષણ કરવાની જવાબદારી રાજ્યોની છે. તેમ કહીને સુપ્રીમ કોર્ટે કહ્યુ કે તે ભીડને હિંસા કરવાથી અટકાવે અને પીડીતોને યોગ્ય વળતર આપે. સુપ્રીમે આ અંગે હવે ૨૦મી ઓગષ્ટે આગળની કાર્યવાહીની સમીક્ષા કરવાની તૈયારી બતાવી છે.

સુપ્રીમ કોર્ટે કહ્યુ હતું કે ભીડતંત્રની ભયાનક પ્રવૃત્તિઓ રોકવા માટે નવા કાયદો બનાવવો જરુરી છે.અને તેના અંગે આકરા હાથે કામ લેવાની જરુર છે.કોઈને પણ કાયદો હાથમાં લેવાનો અધિકાર નથી. ભય અને અરાજકતાનો માહોલ ઉભો કરનારાઓની સામે રાજ્ય કાર્યવાહી કરે. હિંસાની મંજુરી ન આપી શકાય.ઉલ્લેખનીય છે કે છેલ્લા અનેક વર્ષોમાં એવી કેટલીક ઘટનાઓ બની છે કે જ્યારે ગૌરક્ષા અને બાળક ચોરના નામે ભીડે મારામારી કરીને અનેક લોકોની હત્યા કરી નાંખી છે.૨૦૧૨થી માત્ર ગૌરક્ષાના નામે અત્યાર સુધીમાં આવી ૮૫ ઘટના બની છે.આ ઘટનામાં અત્યાર સુધીમાં ૩૩ લોકોના જીવ ગયા છે.ગૌરક્ષાના નામે થયેલી હિંસા સબંધિત અરજી પર ચીફ જસ્ટીસ દિપક મિશ્રા,જસ્ટીસ એ.એમ.ખાનવિલકર અને જસ્ટી ડી વાય ચંદ્રચુડની બેન્ચે સુનાવણી કરી હતી.

★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

### જાણવા જેવું !

મનુષ્યના ફેફસામાં ૩૦૦ અરબ જેટલી રક્તવાહીનીઓ છે.

ટોમ સોયરે નવલકથા લખવા માટે પહેલીવાર ટાઈપરાઈટરનો ઉપયોગ કર્યો હતો.

નાઈલ નદી ૬૬૯૦ કી.મી.ની લંબાઈ ધરાવે છે.

જે મહીનાની પહેલી તારીખે રવીવાર હોયતે મહીનાઓમાં ૧૩ મી તારીખે શુક્રવાર જ આવતો હોય છે.

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.
અમી સર્જીકલ
જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

## એચ૧-બી વિઝાની અરજી અરજદારને ચેતવણી આપ્યા વગર રદ થઇ જશે

ઉચ્ચ કૌશલ્ય ધરાવતા કામદારો અમેરિકામાં નવા વિઝા માટે કે વિઝાની મુદત વધારવા અરજી કરશે ત્યારે અરજી નામંજુર થવાની સંભાવનાઓ ધીરે ધીરે વધતી જાય છે.અમેરિકી સીટીઝનશીપ અને ઈમીગ્રેશન સેવાઓને તાજેતરમાં તેના નિયમોમાં સુધારા જાહેર કર્યા છે.ટેક ઉદ્યોગમાં રોજગારી મેળવવા આવતી અરજી માટેના નિયમ ખુબજ કડક બની ગયા છે.૧૧ સપ્ટે.થી અમલી બનનારી નવી નીતિ હેઠળ અરજીઓમાં ક્ષતિ હશે કે અધુરી હશે તો એજન્ટસ અરજદારને અરજી સુધારવામાં નહીં આવે તો રદ કરવામાં આવશે તેવી ચેતવણી આપ્યા વિના પોતે જ અરજીને નકારી શકશે.

માઈગ્રેશન પોલીસી ઈન્સ્ટીટ્યુટના પોલીસી નીતિ વિષયક સમીક્ષક સરાહ પિઅર્સે જણાવ્યુ હતું કે અરજદારને સંખ્યાબંધ ટેકારુપ પુરાવા રજુ કરવાના રહે છે.તેમને આ નિયમ વિપરીતપણે પ્રભાવિત કરી શકે છે.એચ-૧બી વિઝાધારક કર્મચારીને ખાસ કરીને ટેકનોલોજી,વિજ્ઞાન અને મેડીસીન ઉદ્યોગમાં રોજગારી મળતી હોય છે.આવા અરજદારોને કાર્ય માટે યોગ્યતાના પુરાવા રજુ કરવા કહેવામાં આવે છે.બસ। પુરાવા રજુ કરવામાં જરાપણ ક્ષતિ થાય તો અરજદારનું ભાવિ ધુંધળું થઈ જાય છે.

## મરાઠા આંદોલનમાં દેશની આર્થિક રાજધાની અસહાય બનતાં બંધ પાછો ખેચાયો

મરાઠા ક્રાંતિ મોરચા દ્વારા આપવામાં આવેલા મુંબઈ, થાણે,નવી મુંબઈ,પાલઘર અને રાયગઢ બંધના એલાનને પગલે ઘણા સ્થળોએ ટોળા દ્વારા હિસા,આગચંપી,પથ્થરમારો કરવામાં આવ્યો હતો.અનામતની આગમાં દેશની આર્થિક રાજધાની મુંબઈ અસહાય બની ગઈ હતી.થાણે અને કલમબોલીમાં ટોળાઓ દ્વારા હિંસા આચરવાની શરુઆત થતાં મરાઠા ક્રાંતિ મોરચાના સમન્યકોએ બપોરે બંધ પાછો ખેચવાની જાહેરાત કરી હતી.મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે આખો દિવસ હિંસક આંદોલન ચાલ્યા બાદ સરકાર મરાઠા નેતાઓ સાથે વાતચીત કરવા તૈયાર છે તેમ જણાવ્યુ હતું.કન્નડના શિવસેનાના વિધાનસભ્ય હર્ષવર્ધન જાદવ અને રાષ્ટ્રવાદી કોગ્રેસ પાર્ટીના વૈજાપુરના વિધાનસભ્ય ભાઉસાહેબ પાટીલે મરાઠાઓને અનામત આપવાની માંગણીના ટેકામાં રાજીનામું આપ્યુ હતું.

## પાટીદાર આંદોલનના ત્રણ નેતાઓને જેલવાસની સજા કોર્ટે ફરમાવી

પાટીદાર અનામત આંદોલન સમયે વિસનગરમાં તોડફોડના કેસમાં વિસનગરની કોર્ટે પાસના નેતા હાર્દિક પટેલ,લાલજી પટેલ સહિત ત્રણને બે વર્ષની સાદી સજા અને ૫૦ હજારનો દંડ ફટકારતાં ચકચાર મચી જવા પામી હતી.આ જે કેસમાં અન્ય ૧૪ આરોપીઓને નિર્દોષ છોડ્યા હતા. જો કે ચુકાદા બાદ કોર્ટે ત્રણેય આરોપીઓને પંદર પંદર હજારના જામીન પર મુક્ત કર્યા હતા.અને હાઈકોર્ટમાં અપીલ કરવા માટે એક મહિનાનો સમય આપ્યો હતો.

સજાના હુકમ બાદ હાર્દિક પટેલે યોજેલી પત્રકાર પરિષદમાં જણાવ્યુ હતું કે કોર્ટના ચુકાદાનો હું આદર કરુ છું પરંતુ આ ચુકાદા સામે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ સુધી જઈશ.સરકાર મારી પર કેસ કરીને મને લોકસભાની ચુંટણી લડવા દેવા માંગતી નથી. જો કે હું ચુંટણી લડવા માટે આ કરતો નથી.પણ મોકો મળશે તો હું ચુંટણી લડીશ.હરેન પંડ્યાની કારકીર્દી ખતમ કરનારા લોકો સામે હું લડીશ.અમે પાટીદાર સમાજ માટે અનામત માંગી રહ્યા છીએ કોઈ ભીખ નહીં.હાર્દિકે કહ્યુ હતું કે ૨૯મી તાલુકે તાલુકે મીટીંગ કરીશું.અમદાવાદમાં ઉપવાસ માટે મંજુરી માંગી છે.મંજુરી નહીં મળે તો પણ ઉપવાસ કરાશે.ભાજપાના નેતાઓ પાસના કાર્યકરો સામેના કેસો પાછા ખેચાઈ જશે તેવા તેમના દાવાઓ ખોટા પડ્યા છે.તેમણે અમોને છેતર્યા છે.

વીડીયો ટેપ અને વીડીયોરેકોર્ડરની શોધ ૧૯૫૬મા થઈ હતી.

ઈટાલીમાં ૧૦ લાખ પાઉન્ડ ઝવેરાત જડેલી જમણા પગની એક મોજડી હાથ લાગી હતી.

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

# જીભ એ સ્વાદની ઇન્દ્રીય છે.પણ માણસ જાતે જીભનો ઉપયોગ બોલવાની ક્રિયા સાથે જોડ્યો છે

દરેક માણસને જુદી જુદી ચીજવસ્તુઓ ખાવાનો શોખ હોય છે.દરેકને જુદો જુદો સ્વાદ હોય છે. આ સ્વાદ જે છે તે જીભ સાથે સીધો સંકળાયેલો છે. આપણા શરીરના દરેક અવયવની પોતાની કામગીરી ઈશ્વરે નિર્મિત કરેલી છે.આંખનું કામ જોવાનું, નાકનું શ્વાસોચ્છવાસ કરવાનું અને મોઢાનું કામ ખાવાનું છે. દાંતનુ કામ ખોરાક ચાવવાનું છે અને જીભનું? જીભનુ મુળ કામ તો મોઢામાના ખોરાકને આઘોપાછો કરીને એમાં લાળ ભેળવવાનું હોય છે.જીભ એ સ્વાદની ઇન્દ્રીય છે.પણ માણસ જાતે જીભનો ઉપયોગ બોલવાની ક્રિયા સાથે જોડ્યો છે.સ્વાદની સાથે સાથે એ ભાષાના ઉચ્ચાર-વાણી માટે પણ વધારાની કામગીરી કરે છે.જીભ-સ્વાદ અને વાચા એમ બેવડી ભુમિકા ભજવે છે.જીભ માટે આપણી ભાષામાં અનેક રૂઢીપ્રયોગો કહેવાતા ઉખાણા મળે છે.પણ આપણે તો એની બોલવાની કર્મેન્દ્રીય તરીકે ન જોતા સ્વાદેન્દ્રીય તરીકે ઓળખવી જોઇએ તો સ્વાદ પારખવાની અને સ્વાદ ચાખવાની કામગીરી માત્ર જીભની જ છે.મોઢામાંથી ગળા નીચે ખોરાક ઉતરે ત્યારથી એના સ્વાદનો અનુભવ પુરો થાય છે.ખાટો-તીખો-તુરો-કડવો-આ બધા જ સ્વાદની પરખ જીભ દ્વારા જ થાય છે.દરેક વ્યક્તિને ખાવા માટે જુદા જુદા સ્વાદ પસંદ હોય છે.બધા જ સ્વાદ બધાને અનુકુળ હોતા નથી.આપણે જે વસ્તુ ચાખીએ છીએ તે રસનેન્દ્રીયથી જે અનુભવ થાયછે. એ સ્વાદ છે સ્વાદનો શોખ હોય, પણ પોતાની શરીરની જરુરીયાત પ્રમાણે જ એને લેવામાં આવે તો વાંધો નથી.સ્વાદ એક એવી બાબત છે,જેને એનો ચટકો લાગે તે એને છોડી શકતો નથી.ઘણી વખત માણસ આવી આંધળી સ્વાદભક્તિ મૃત્યુ સુધી પણ લઇ જતી હોય છે. સ્વાદને જીતવો સહેલી બાબત નથી. ગાંધીજીએ કહ્યું છે : જેણે સ્વાદને જીત્યો નથી એ વિષયને જીતી શકતો નથી, સ્વાદને જીતવો કઠીન છે,પણ એ વિજયની સાથે જ બીજો વિષય સંભવે છે.આપણાં શાસ્ત્રોમાં પણ કહ્યું છે : જેણે રસ જીત્યો તેણે જગતને જીત્યું, એ રીતે સ્વાદના જયનો મહિમા ગાવામાં આવ્યો છે.સ્વાદની શક્તિ અમાપ છે.દરેકને સ્વાદની જરુરીયાત અલગ અને ઓછી વત્તી હોય છે. જીભ ઉપર ઝીણી ઝીણી ફોડકીઓ જેવા સ્વાદઅંકુરો રહેલા છે.એમાંથી નીચલી નાડીઓમાં શાખા જાય છે જેથી જીભ જુદા જુદા સ્વાદ કે રસો ચાખી શકે છે.

કેટલીક વસ્તુઓ આપણને અધિક સ્વાદિષ્ટ લાગતી હોય, એ ખાવામાં પ્રમાણભાન અતિ જરુરી છે.અકરાંતિયાની જેમ ખા ખા કરવાથી તે રોગને આમંત્રણ આપે છે. ભાવતી વસ્તુ વધારે ખાવી એના કરતાં તે ઓછી ખાઇને એનો સ્વાદ માણી શકાય છે.ભાવતી વાનગી પ્રત્યેનો વધારે પડતો ભાવ માણસને મૃત્યુનો માર્ગ ચીંધતો હોય છે.સ્વાદને માણવો એ એક અલગ પ્રક્રિયા છે.અને સ્વાદને પેટમાં મન ફાવે તેમ ભરવો તે બીજી બાબત છે.આપણે જાણીએ છીએ કે જે વસ્તુ પ્રત્યે આપણને વધારે આર્કષણ હોય તે વધારેમાં વધારે દુઃખી કરે છે.આપણા શરીરને અનુકુળ ન હોય છતાંય આપણને એનો સ્વાદ દાઢે લાગ્યો હોય, તો પણ એનો ત્યાગ કરવો એમાં જ આપણું શ્રેય છે.ચીનમાં કહેવત છે : ઓછુ ખાવ-લાંબુ જીવો. આપણા શાસ્ત્રોમાં પણ એ જ વાત ઢોલ વગાડીને કહેવામાં આવી છે.આપણે આગળ કહ્યું એમ જીભને જીતો, જીભને બે રીતે જીતવાની હોય છે. એક તો એનો સ્વાદ અને બીજી એની વાણી. સ્વાદને જીતો તો નિરોગી રહેશો અને વાણી જીતશો તો સંસાર સાથે પ્રેમમય રહેશો.મહાત્મા ગાંધીએ કહ્યું છે : જીભને જીતવી એ બધી જ વસ્તુઓ જીતવા બરાબર છે.જીભ ધારે તો આ વિશ્વનો વિનાશ નોતરી શકે છે.જીભથી આપણો અંત આવી શકે,જીભનો સ્વાદ વિનાશને પણ બોલાવી શકે છે.જે જે વધારે સ્વાદિષ્ટ હોય તેને ઉત્તરોત્તર ખાવું જોઇએ. સ્વાદનો આનંદ લેવો જોઇએ. આપણું પેટ કોઇ ગટર નથી કે ગમે તે અંદર નાખી શકાય.જો એવું થાય તો એના પરિણામ કેવા આવે છે. એનો આપણને અનુભવ છે.

જે કંઇ ખાઇએ છીએ એનો સ્વાદ માત્ર ને માત્ર ભાષા દ્વાર જ થાય છે.જીભ જો સ્વાદ રહિત બની જાય તો આપણને કોઇપણ રસની કશી જ ખબર પડે નહી.જેટલા ખાદ્ય પદાર્થ છે એનો સ્વાદ જીભના આગળના ભાગ સાથે ક્ષણભરના સંયોગથી છે.ગળાની નીચે ઉતર્યો કે સ્વાદિષ્ટ અને સ્વાદહીન ભોજન બંને એક છે.મોઢામાંથી કોળીયો નીચે ઉતરતાંની સાથે જે એનો સ્વાદ આપણે માણી શકતા નથી.એક ક્ષણ માટેનો આનંદ આપણને કેવા કેવા રંગ બતાવતો હોય છે.આપણે જાણીએ છીએ કે જીવનમાં સંયમ મહત્વનો છે. જો આપણે આપણી જીભ ઉપર સંયમ રાખતા શીખી જઇએ તો કોઇપણ પ્રકારનો પ્રશ્ન રહેતો નથી.સ્વભાવ અને સ્વાદને કાબુમાં રાખતા શીખો.સારો સ્વાદ અને સારો સ્વભાવ માણસની ઉંચાઇ વધારે છે.સ્વાદનો સબંધ જીભની જેમ સ્વાસ્થ સાથે પણ છે.વધારે પડતા ચટકા વધારે રોગ નિમંત્રે છે.સ્વાદ પ્રત્યે રાગ હોવો ન જોઇએ.કોઇપણ વસ્તુ પ્રત્યેનો અતિરાગ જીવનને ડુબાડતો હોય છે.આપણે જીવવા માટે ખાવું જોઇએ.ખાવા માટે જીવવાની જરુર નથી.કેટલાક લોકો તો માત્ર ખાવા માટે જ જીવતા હોય એવા અનુભવ થાય છે.એવા લોકોને ઇશ્વર વહેલા બોલાવતો હોય છે.

સ્વામી રામતીર્થે કહ્યું છે : જગતના લોકો જેને મજા અથવા સ્વાદ કહે છે, તે પોતાની ઝેરીલી અસર કર્યા વિના કેવી રીતે રહી શકે ?જેને સ્વાદના ચટકા છે, એ ઝેર સમાન છે. આપણે જે ખાવાની વધારે ઇચ્છા હોય એનો યોગ્ય માત્રામાં જ ઉપયોગ થાય એ જરુરી છે.વધારે ખાઓ-સ્મશાને જાઓ,એવો ઘાટ થાય છે.

ડૉ.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)

# સ્વીસ બેન્કોમાં ભારતીયોના ખાતાની માહિતી આપવા સ્વીસ સુપ્રીમનો આદેશ

સ્વીટ્ઝરલેન્ડની સુપ્રીમ કોર્ટે એક મહત્વના ચુકાદામાં કરચોરો દ્વારા સ્વીસ બેન્કોમાં જમા કરાવાયેલા નાણાંની માહિતી આપવાના દ્વાર ખુલ્લા મુકી દીધા છે.કોર્ટે ભારતમાં કરચોરીના આરોપોનો સામનો કરી રહેલા બે ભારતીયના કિસ્સામાં ભારત સરકારને બેન્ક ખાતાની માહિતી આપવા સ્વીસ સરકારને આદેશ આપ્યો છે.બંને ભારતીયો આરોપ મુક્યો હતો કે ભારત સરકારે ચોરીથી બેન્ક માહિતીના આધારે અમારી સામે કરચોરીની તપાસ શરુ કરી છે. આ આરોપના આધારે બંને ભારતીય સ્વીસ કોર્ટમાંથી છુટી ગયા હતા.

# દેશની બેન્કોનું ફુલેકુ ફેરવી ગયેલા મેહુલને એન્ટીગુઆમાં નાગરિકતા મેળવવા માટે ભારત સરકારે કલીયરન્સ સર્ટી આપ્યુ હતું

ભારતીય બેન્કોનું ફુલેકુ ફેરવીને વિદેશમાં નાસી ગયેલા પૈકી મેહુલ ચોકસીને એન્ટગુઆની નાગરિકતા આપવા માટે ભારત સરકારે જ લીલી ઝંડી આપી હતી.એન્ટીગુઆનાની સરકારે જણાવ્યુ હતું ગે ભારતના વિદેશ મંત્રાલય અને મુંબઇ પોલીસ દ્વારા અપાયેલા ક્લિયરન્સ સર્ટી . અને આકરી ચકાસણી કર્યા પછી મેહુલ ચોકસીને નાગરિકતા આપવામાં આવી હતી.ચકાસણી દરમિયાન જાણવા મળ્યુ હતું કે સેબીએ મેહુલ ચોકસી સામે બે વાત તપાસ શરુ કરી હતી પરંતુ તે તપાસ બંધ કરી દેવાઇ હતી.મે ૨૦૧૭માં નાગરિકતા માટે જરુરી પોલીસ ક્લિયરન્સના દસ્તાવેજોની અરજી મળી હતી. આ પોલીસ પ્રમાણપત્ર અમને ભારત સરકારના વિદેશ મંત્રાલયની પ્રાદેશિક પાસપોર્ટ કચેરી દ્વારા મોકલી અપાયું હતું.તેમાં પ્રમાણ આપવામાં આવ્યુ હતુંકે ભારતમાં તેમની સામે કોઇ કાનુની અપરાધિક કાર્યવાહી ચાલી રહી નથી.

કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે મોદી સરકારે મેહુલ ચોકસીને દેશ છોડીને નાસી જવામાં મદદ કરી છે. પહેલાં લુટ કરી પછી તેને ભગાડી દીધો.


કાર ભાડે મળશે




લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે




## જાણવા જેવું !

લુધિયાણામાં રહેતા એક નેપાળી ગુરખાએ મરતા પહેલા તેની અંતિમ ઇચ્છામાં જાહેર કરેલું કે એના મરણ બાદ એના શરીર પર એક બાટલી દારુ રેડવામાં આવે તેમજ તેની સ્મશાનયાત્રામાં આવેલાને દારુ પીવડાવવામાં આવે.

ચંદીગઢમાં અગીયાર સ્થળોએ બ્લુરંગની ટપાલ પેટીઓ રાખવામાં આવી છે. આ પેટીઓમાં માત્ર પોલીસ વિશે ફરિયાદો નાખી શકાય તેવી સગવડ છે.

કર્ણાટકના શિક્ષણમંત્રી બી.સોમેશ્વર પરીક્ષામાં ચોરી કરતાં પકડાયા હતા.

સ્ટેનફિશ માછલી પથ્થરોની વચ્ચે માળો બનાવીને રહે છે.

લાયરબર્ડ નામનું પક્ષી સાંભળેલા અવાજની નકલ કરી શકે છે.


ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ એ એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.